દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શનિવાર ૩ ઓક્ટોબર, ૨૦૨૬

વરસાદના કેર બાદ હવે સુપર અલ નીનો હજારોના જીવ લે તેવી સંભાવના

માનવજાત આજે ટેકનોલોજી અને વિજ્ઞાનના શિખરે બેઠી હોવાનો ગર્વ અનુભવે છે, પરંતુ પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપ સામે તે હજુ પણ કેટલી વામણી છે, તેનું વધુ એક ભયાનક ઉદાહરણ આપણી સામે આવી રહ્યું છે. તાજેતરમાં જ હવામાન નિષ્ણાતો અને સંશોધકો દ્વારા એક અત્યંત ચિંતાજનક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે આગામી મહિનાઓમાં 'સુપર અલ નીનો'ની અસરથી આફ્રિકા ખંડના સાહેલ ક્ષેત્રમાં ભયાવહ અને કાળઝાળ ગરમી પડવાની છે. આ માત્ર આકરી ગરમીની સાદી આગાહી નથી, પરંતુ તે હજારો નિર્દોષ લોકોના મોતનું આગોતરું ફરમાન છે. સપ્ટેમ્બર ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૨૦૨૭ વચ્ચેના માત્ર છ મહિનાના સમયગાળામાં નાઇજીરીયા, સુદાન, નાઇજર અને ચાડમાં અંદાજે ૬૬,૮૦૦ જેટલા વધારાના મૃત્યુ થવાની દહેશત છે. આ આંકડો કોઈપણ સંવેદનશીલ માનવીને ઢંઢોળવા માટે પૂરતો છે.

સહારા રણની દક્ષિણે આવેલો સાહેલ પ્રદેશ ભૌગોલિક રીતે જ અત્યંત કઠોર વાતાવરણ ધરાવે છે. પરંતુ આ વખતના સુપર અલ નીનોને કારણે અહીં પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂ બહાર જવાની છે. સંશોધનો મુજબ, એકલા નાઇજીરીયામાં જ ૩૧,૪૦૦ લોકો ગરમીનો ભોગ બની શકે છે. આ ઉપરાંત સુદાનમાં ૧૭,૫૦૦, નાઇજરમાં ૧૦,૦૦૦ અને ચાડમાં ૮,૦૦૦ લોકો જીવ ગુમાવી શકે છે. આ માત્ર આંકડાઓ નથી; આ એવા પરિવારોની કહાની છે જેમના ઘરના મોભી, નાના ભૂલકાંઓ કે વૃદ્ધો ગરમીની લૂમાં શેકાઈને તરફડીને જીવ ગુમાવશે. યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ્સના ડેટા અને ૧૯૯૬ થી ૨૦૨૫ સુધીના ઐતિહાસિક તાપમાન અને મૃત્યુદરના અભ્યાસ પરથી તારવેલા આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે આ આફત અણધારી નથી, પરંતુ આપણી નજર સમક્ષ આકાર લઈ રહેલો એક વિશાળ જળવાયુ હત્યાકાંડ છે.

જ્યારે પશ્ચિમી કે વિકસિત દેશોમાં તાપમાનનો પારો ઊંચકાય છે, ત્યારે લોકો એર કન્ડિશનર ચાલુ કરીને કે ઠંડા સ્થળોએ આશ્રય લઈને પોતાનો બચાવ કરી લે છે. પરંતુ આફ્રિકાના આ ગરીબ દેશોમાં વાસ્તવિકતા અત્યંત ડરામણી છે. ગરમીને મ્હાત આપવા માટે સૌથી પ્રાથમિક જરૂરિયાત વીજળી છે, જેથી પંખા કે કુલર ચલાવી શકાય. પરંતુ આશ્ચર્યજનક અને દુઃખદ હકીકત એ છે કે વર્ષ ૨૦૨૪ના આંકડા મુજબ નાઇજરમાં માત્ર ૨૧ ટકા અને ચાડમાં માંડ ૧૩ ટકા લોકો પાસે જ વીજળીની સુવિધા ઉપલબ્ધ હતી. નાઇજીરીયા ભલે આર્થિક રીતે થોડું મોટું અર્થતંત્ર હોય, પરંતુ ત્યાં પણ વીજળીની કાયમી અને મોટી અછત રહેલી છે. સુદાનની વાત કરીએ તો ત્યાં ચાલી રહેલા યુદ્ધ અને આંતરિક સંઘર્ષે દેશના પાયાના માળખાને અને વીજળી વ્યવસ્થાને સંપૂર્ણપણે ખેદાન-મેદાન કરી નાખી છે. આવી સ્થિતિમાં જ્યારે આકાશમાંથી આગ વરસતી હોય, ત્યારે લોકો માટે ઘરની અંદર છુપાઈને ગરમીથી બચવું પણ એટલું જ મુશ્કેલ બની જાય છે. ગરીબી એટલી હદે વ્યાપેલી છે કે લોકો માટે બે ટંકના ભોજનનો જુગાડ કરવો જ મુશ્કેલ હોય છે, ત્યાં ઠંડકના સાધનો ખરીદવા એ તો તેમના માટે એક અશક્ય સ્વપ્ન સમાન છે. આથી, આ ૬૬,૮૦૦ મૃત્યુ પાછળ માત્ર આબોહવા પરિવર્તન જ નહીં, પરંતુ ભયંકર ગરીબી અને માળખાગત સુવિધાઓનો સદંતર અભાવ પણ સીધા જવાબદાર છે.

આફ્રિકાના આ દેશોની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ, પશુપાલન અને શારીરિક શ્રમ પર નિર્ભર છે. લાખો ખેડૂતો અને મજૂરો માટે કાળઝાળ ગરમીમાં ખુલ્લા આકાશ નીચે કામ કરવું એ કોઈ વિકલ્પ નથી, પરંતુ પેટનો ખાડો પૂરવા માટેની મજબૂરી છે. અતિશય તાપમાનમાં લાંબા સમય સુધી શારીરિક શ્રમ કરવાથી શરીરમાંથી પાણી સુકાઈ જવું (ડિહાઇડ્રેશન) અને હીટસ્ટ્રોક જેવી જીવલેણ સ્થિતિ ઉદ્ભવે છે. યુવાનો પણ જ્યારે આ ગરમીનો સામનો કરવામાં નિષ્ફળ રહે છે, ત્યારે નાના બાળકો, અને વૃદ્ધો કે જેઓ પહેલેથી જ કોઈ તબીબી પરિસ્થિતિ કે બીમારીથી પીડિત છે, તેમની સ્થિતિ કેટલી નાજુક હશે તેની કલ્પના જ હચમચાવી દે તેવી છે. સતત વધતું શારીરિક તાપમાન તેમના આંતરિક અવયવોને નુકસાન પહોંચાડીને બહુ ઝડપથી તેમને મોતના મુખમાં ધકેલી શકે છે.

સુપર અલ નીનો એ પ્રશાંત મહાસાગરમાં તાપમાન વધવાની એક કુદરતી પ્રક્રિયા છે, પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં ઔદ્યોગિકીકરણ અને કાર્બન ઉત્સર્જનને કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન એટલું વધી ગયું છે કે હવે આ કુદરતી પ્રક્રિયાઓ 'સુપર' અને અત્યંત વિનાશક બની ગઈ છે. અહીં સૌથી મોટી વક્રોક્તિ અને અન્યાય એ છે કે આફ્રિકાના જે દેશો આ ઐતિહાસિક ગરમીનો સૌથી ખરાબ રીતે ભોગ બનવાના છે, તેમનો વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ફાળો નહિવત છે. આબોહવા પરિવર્તન માટે મુખ્યત્વે વિકસિત દેશો જવાબદાર છે, પરંતુ તેની સૌથી મોટી અને આકરી કિંમત ગરીબ દેશોના નિર્દોષ નાગરિકોએ પોતાના પ્રાણ આપીને ચૂકવવી પડી રહી છે. આ માત્ર પર્યાવરણનો મુદ્દો નથી, આ વૈશ્વિક સ્તરે માનવાધિકાર અને 'ક્લાઈમેટ જસ્ટિસ' નો ગંભીર મુદ્દો છે.

સંશોધકોએ આપેલી આ ચેતવણી માત્ર નિરાશ થવા કે ડરવા માટે નથી, પરંતુ સફાળા જાગવા અને આગોતરી તૈયારીઓ કરવા માટે છે. જો સરકારો, સ્થાનિક વહીવટીતંત્ર અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સમયસર જાગશે, તો આ અંદાજિત મૃત્યુઆંકને ચોક્કસપણે ઘટાડી શકાશે. આ માટે કેટલાક પગલાં લેવા અત્યંત આવશ્યક છે. લોકોને હીટવેવ અંગે સમયસર અને સચોટ માહિતી પૂરી પાડવી જોઈએ જેથી તેઓ સાવચેત રહી શકે. ખુલ્લામાં કામ કરતા લોકો માટે દિવસની ટોચની ગરમીના કલાકોમાં કામ કરવા પર નિયંત્રણ મૂકવું જોઈએ અને કામનો સમય વહેલી સવારે કે મોડી સાંજે કરવો જોઈએ. ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં લોકોને આશ્રય આપવા માટે હંગામી ઠંડક કેન્દ્રો અને પીવાના પાણીની પરબ ઊભી કરવી જોઈએ. હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો વધવાનો છે, તેથી અત્યારથી જ વધારાનો મેડિકલ સ્ટાફ, આવશ્યક દવાઓ, અને પૂરતો પુરવઠો સંગ્રહિત કરવો જોઈએ. આફ્રિકા પર તોળાઈ રહેલું આ સંકટ સમગ્ર માનવજાત માટે એક લાલબત્તી સમાન છે. ભારત સહિત વિશ્વના અન્ય દેશોએ પણ આમાંથી બોધપાઠ લેવાની જરૂર છે, કારણ કે આબોહવા પરિવર્તનની અસરો કોઈ ભૌગોલિક સરહદો જોતી નથી. આજે જે આફત આફ્રિકાના આંગણે છે, તે આવતીકાલે વિશ્વના કોઈપણ ખૂણે દસ્તક દઈ શકે છે. આફ્રિકાના દેશોને આ સંકટમાંથી ઉગારવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયે તાત્કાલિક સહાય પૂરી પાડવી જોઈએ. સુપર અલ નીનોની આ ચેતવણીને હળવાશથી લેવી એ માનવતા વિરુદ્ધનો ગુનો ગણાશે. યોગ્ય આગોતરી તૈયારીઓ અને સામૂહિક ઇચ્છાશક્તિ જ હજારો જિંદગીઓને બચાવી શકશે.

ધનરાજ નથવાણીની પોલિટિક્સમાં એન્ટ્રી

પ્રાદેશિક પક્ષો એક થઇ શકે?

ઈન્ડિયા ગઠબંધનની બેઠક મળી અને એમાં ૨૩ પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં. આપ અને ડીએમકે સહિતના કેટલાક પક્ષોએ દૂરી બનાવી. એનો અર્થ એ થયો કે, હજુય ભાજપ સામે વિપક્ષો એક થઈ શકતા નથી. એક સમયે ભાજપ સામે વિપક્ષો એક થઈ શકતા હતા અને ભાજપને વર્ષો સુધી સત્તાથી દૂર રાખી શક્યા હતા પણ નરેન્દ્ર મોદી દિલ્હી પહોંચ્યા પછી આ ચિત્ર બદલાઈ ગયું છે. કારણ એ છે કે, ભાજપની સત્તાનો વ્યાપ આજે ૨૦થી વધુ રાજ્યો સુધી પહોંચ્યો છે. કાં તો એ પ્રાદેશિક પક્ષને સાથે રાખે છે અથવા એની સાથે રહી સત્તા મેળવે છે. આવા દાખલા અહીં અનેક છે.

પ્રાદેશિક પક્ષોના નેતાઓ એક થઇ શકતા નથી એનાં એકથી વધુ કારણ છે. એક તો એમને પોતાના રાજ્યને સત્તા મેળવવી છે અથવા તો જાળવી રાખવી છે. બીજું કે, રાષ્ટ્રીય સ્તરે પહોંચવું તો છે પણ એમની પાસે નેટવર્ક અને નાણાં બંને નથી. બીજું કે, ભાજપ કે કેન્દ્ર સરકારનો ડર રહે છે કે, એ કોઈ કેસમાં ફસાવી દેશે.

હવે વાત કરીએ ઈન્ડિયાની બેઠકનો. ૨૩ પક્ષો હાજર રહ્યા એ સારી નિશાની છે. બંગાળમાં જે રીતે ભાજપ સામે પછડાટ ખાધી અને પક્ષ તૂટ્યો એનાથી બંગાળની વાઘણનાં નહોર બુઠ્ઠા થઇ ગયા છે. કોંગ્રેસ સાથે બેસવું એમની મજબૂરી છે. અરે! એમણે તો હવે બંગાળમાં ડાબેરીઓનો સંપર્ક કરવાનો પણ પ્રયાસ કર્યો છે પણ ડાબેરીઓ હજુ દૂરી રાખે છે.

બુધવારની બેઠકમાં મમતા બેનરજી અને સોનિયા ગાંધી સાથે બેઠેલાં જોવા મળ્યાં હતાં. તેમની પાસે જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી-એસપી)નાં સાંસદ સુપ્રિયા સુલે પણ હાજર હતાં. જો કે, આ પહેલો અવસર નથી, અગાઉ પણ આવું બન્યું છે પણ વાત એનાથી આગળ વધતી નથી. બધાની કોઈ ને કોઈ મજબૂરી છે એ કારણે બેઠકમાં સાથે બધા બેસે છે.

જો કે, ઘણા સવાલ હજુય અનુત્તર છે. જેમ કે, ઈન્ડિયાનો ચહેરો કોણ? અને પત્રકારોએ મમતા બેનરજીને પૂછ્યું કે શું વર્ષ 2029ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધી જ વડા પ્રધાનપદના ઉમેદવાર હશે? ત્યારે આ સવાલ પર તેઓ ચૂપ રહેતાં જોવા મળ્યાં. સાથે જ તેમણે કહ્યું, 'અમે કાલે પ્રેસ કોન્ફરન્સ કરીશું.' ખાસ વાત એ છે કે પશ્ચિમ બંગાળની ચૂંટણી હારતાં પહેલાં અનેક પ્રસંગોએ અવિભાજીત ટીએમસી દ્વારા કોંગ્રેસના નેતૃત્વ પર સવાલો ઉઠાવવામાં આવતા રહ્યા છે.

બીજી બાજુ બંગાળ કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું, 'દીદીએ દિલ્હી જવું પડ્યું, તેનું કારણ આપ સૌ જાણો છો... કારણ કે તેઓ પશ્ચિમ બંગાળમાં હારી ચૂક્યાં છે.'

તેમણે ઉમેર્યું, 'ઘણા કહેવાતા નેતાઓએ અગાઉ વિપક્ષી ગઠબંધનના નેતૃત્વ માટે રાહુલ ગાંધીનો વિરોધ કર્યો હતો, પરંતુ વાસ્તવિકતા એ છે કે માત્ર રાહુલ ગાંધી જ ગઠબંધનનું નેતૃત્વ કરી શકે છે અને તેમણે જ સૌથી આગળ રહેવું જોઈએ.' તેમણે એમ પણ કહ્યું કે જો બેનરજીએ ગાંધીજીના નેતૃત્વનો સાથ આપ્યો હોત, તો પરિસ્થિતિ કંઈક અલગ હોત.

ધનરાજ નથવાણી સપાના ઉમેદવાર!

ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ચૂંટણી માટે સમાજવાદી પાર્ટી દ્વારા ઉદ્યોગપતિ ધનરાજ નથવાણી (પરિમલ નથવાણીના પુત્ર અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ)ને ઉમેદવાર બનાવવાનો નિર્ણય અત્યંત ચોંકાવનારો અને રાજકીય રીતે ખૂબ જ વ્યૂહાત્મક માનવામાં આવે છે.

આ "વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી" પાછળનું મુખ્ય રાજકીય અને વ્યવહારુ ગણિત જાણી લેવા જેવું છે. ધનરાજ નથવાણી દેશના અગ્રણી ઉદ્યોગઘરાના (રિલાયન્સ) સાથે સંકળાયેલા છે અને તેમનું કુટુંબ બિઝનેસ અને પોલિટિક્સ બંને ક્ષેત્રોમાં ઊંડી પકડ ધરાવે છે. સપા આના દ્વારા ચૂંટણી વ્યવસ્થાપનને વધુ મજબૂત કરવા માગે છે.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

> **અરે! એમણે તો હવે બંગાળમાં ડાબેરીઓનો સંપર્ક કરવાનો પણ પ્રયાસ કર્યો છે પણ ડાબેરીઓ હજુ દૂરી રાખે છે**

બીજું, ઉત્તર પ્રદેશની વિધાનસભામાં આંકડાકીય રીતે ભાજપ બહુમતીમાં હોવા છતાં, અખિલેશ યાદવે આવા કદાવર અને બિનપરંપરાગત ચહેરાને મેદાને ઊતારીને શાસક પક્ષમાં ક્રોસ-વોટિંગ કે અસંતુષ્ટ ધારાસભ્યોના મત મેળવવાનો દાવ રમ્યો છે. ઘણાં બધાં રાજ્યોમાં વિપક્ષોમાં ક્રોસ વોટીંગ કરાવી ભાજપે ફાયદો ઉઠાવેલો એવા દાખલા છે.

અખિલેશની આ રણનીતિ કામ કરે, તો સપા પોતાની ધારાસભ્ય સંખ્યા કરતાં વધુ બેઠકો જીતીને મોટો અપસેટ સર્જવાનો પ્રયાસ કરી શકે છે. ધનરાજ નથવાણીના પિતા પરિમલ નથવાણી પોતે એનડીએ (NDA) સમર્થિત રાજ્યસભા સાંસદ છે. આવી સ્થિતિમાં, સપા દ્વારા વિરોધ પક્ષના પ્રભાવશાળી પરિવારના યુવા સભ્યને ટિકિટ આપવી એ એક ઉચ્ચ સ્તરીય રાજકીય માસ્ટરસ્ટ્રોક ગણાય છે. પરંપરાગત રાજકારણીઓને બદલે કોર્પોરેટ મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન (ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે) અને સોશ્યલ ઈનિશિયેટિવ્સનો અનુભવ ધરાવતા યુવા ચહેરાને આગળ ધરીને સપા પોતાની છબીને વધુ વ્યાપક અને પ્રોફેશનલ દેખાડવા માંગે છે.

પરિમલ નથવાણીની રાજકીય પકડ અને વ્યાપક નેટવર્કથી માત્ર ગુજરાત કે કેન્દ્રમાં જ નહીં. જ્યારે આવા પરિવારમાંથી કોઈ વ્યક્તિ ચૂંટણીના મેદાનમાં આવે, ત્યારે રાજકીય લોબીમાં આંતરિક સમીકરણો બદલાતાં હોય છે, જેનો સીધો ફાયદો ચૂંટણી મેનેજમેન્ટ અને ક્રોસ-વોટિંગની સંભાવના ઊભી કરવામાં મળી શકે છે.

અખિલેશ યાદવનો આ નિર્ણય સાબિત કરે છે કે કેવળ પરંપરાગત રાજકારણના બદલે હવે આવા 'હાઈબ્રિડ' અને પ્રભાવશાળી કોર્પોરેટ ચહેરાઓ દ્વારા ઉત્તર પ્રદેશના રાજકારણમાં નવો ખેલ પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કાલે કરીશ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સ્પેનીશ કહેવત છે, જેનો અર્થ થાય છે કે 'આવતી કાલની રાહ જોનાર આજ પણ ગુમાવે છે.'

એક માણસ સ્વભાવે આળસુ. તેનો દરેક વાતમાં એક જ સૂર હોય કે 'કાલથી હું શરૂઆત કરીશ.'

ક્યારેક પત્નીને કહે કે કાલથી વહેલો ઊઠીશ.....કાલથી લખીશ....કાલથી કસરત કરીશ....કાલે માતાને મળવા જઈશ....કાલથી ગુસ્સો ઓછો કરીશ...કાલે સવારે કોફી હું બનાવીશ ....આવી નાની મોટી વાતો તો તે રોજે રોજ કરતો રહે પણ કરે કંઈ નહિ અને વળી કહે, કાલથી ચોક્કસ કરીશ.

તેના આવા સ્વભાવ અને બધું કાલ પર ટાળવાની આદતથી કંટાળેલી પત્નીએ એક દિવસ ખીજાઈને પૂછ્યું, 'બધું કાલથી કરીશ એમ કહો છો આ કાલ ક્યારે આવશે?"

તે માણસ હસ્યો અને પત્નીને ચીડવતો હોય તે રીતે બોલ્યો, 'કાલે.' પત્નીએ કહ્યું, 'મને ખબર છે કાલે પણ તમે કંઈ નહિ કરો. તમારા જીવનમાં કાલ ક્યાં ક્યારેય આવે છે....જુઓ આ તમારી ડાયરીઓ...'આટલું કહીને પત્નીએ તેની લખેલી જૂની ડાયરીઓ તેના હાથમાં મૂકી અને ત્યાંથી ચાલી ગઈ.

માણસ ચૂપ થઈ તેને જોઈ રહ્યો.તે રાત્રે તેણે પત્નીએ આપેલી જૂની ડાયરીઓ ખોલી.

એક જૂની ડાયરીમાં પાંચ વર્ષ પહેલાં લખ્યું હતું:'કાલથી નવી શરૂઆત.'જે ક્યારેય થઈ જ ન હતી. તેણે પાનું બંધ કર્યું.

બીજી ડાયરી ખોલી. તેમાં લખ્યું હતું, 'કાલથી રોજ સાંજે જુના મિત્રોને મળવું.'હજી એક સાંજ પણ એવી આવી નહતી.

બધી ડાયરીઓમાં આવા જ કાલે અને કાલથી શરૂ થતાં વાક્યો હતાં ...જે કાલ ક્યારેય આવી જ ન હતી.

માણસ ઊભો થયો. બધી ડાયરીઓ પોતાના ખાનામાં મૂકી અને નવી ડાયરી કાઢી. તે ડાયરીમાં પહેલા પાને મોટા અક્ષરે લખ્યું: 'આજે.' નીચે લખ્યું જે કરવું હશે આજે જ કરીશ.

આ એક બદલાવથી બીજા દિવસથી તેનું જીવન સંપૂર્ણ બદલાયું નહીં.પરંતુ એક નાની વસ્તુ બદલાઈ-તે હવે કોઇ પણ કામ કરવા, કોઇ પણ શરૂઆત કરવા માટે કાલે કાલે કહેતો ન હતો. કોઈ યોગ્ય દિવસની રાહ જોતો નહોતો.બસ તે આજે જ શરૂઆત કરી દેતો હતો એટલે નાનાં નાનાં ઘણાં કાલ કાલ કરીને ઠેલાયેલાં કામો પૂરાં થવા લાગ્યાં.મિત્રોને મળીને દિલ ખુશ થયું, માતાના હાથની ચા પી ને મજા આવી...પત્ની માટે જાતે કોફી બનાવી પ્રેમ વધ્યો.

જેમ જેમ કાલ કાલનું સ્થાન આજે લીધું. તેના જીવનમાં નાની નાની ઘણી ખુશીઓ માત્ર શબ્દો અને વાતોમાં નહિ વાસ્તવમાં આવવા લાગી.

ઇન્ડિયા ગઠબંધનનું નેતૃત્વ અને કોંગ્રેસની આંતરિક કસોટી

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

કોંગ્રેસ માટે એક સારા અને એક ખરાબ બંને સમાચાર છે. તે આળસ અને અનિર્ણાયકતામાંથી બહાર આવવા માટે સખત સંઘર્ષ કરી રહેલી અને પોતાની જ જાળમાંથી બહાર આવવા મથી રહી છે. તે જેટલો વધુ પ્રયાસ કરી રહી છે સ્થિતિમાં કોઈ ફેરફાર થતો નથી. તેણે આગામી ચૂંટણી લડાઈ માટે યુદ્ધના ધોરણે તૈયાર થવાની જરૂરિયાત છે. જો કે, એક તરફ ભવ્ય જૂની પાર્ટીની તરફેણમાં સંજોગો ઝડપથી બદલાઈ રહ્યા છે, તો બીજી તરફ તેના નેતૃત્વને એ વાતનો અંદાજો નથી કે, એક મુખ્ય વિપક્ષી પાર્ટી તરીકે આ સમયે તેણે કેવી ભૂમિકા ભજવવી જોઈએ.

ભારતનું ચૂંટણી પંચ-જે નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે જવાબદાર એક પ્રમુખ બંધારણીય સંસ્થા છે-તેની કામ કરવાની સંપૂર્ણપણે અપારદર્શક અને કેન્દ્રીકૃત પદ્ધતિને લઈને વિવાદ ખૂબ વધી ગયો છે. જો કે, એ વાત અલગ છે કે તેઓ ઘણી ચૂંટણી હાર્યા પછી અને એકબીજા પર સતત આક્ષેપો-પ્રતિઆક્ષેપો કર્યા પછી સાથે આવ્યા છે. જો કે, વર્તમાન સંજોગોએ કદાચ તેમની પાસે સાથે આવીને મળીને લડવાનો સંકલ્પ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ છોડ્યો નથી.

ઈન્ડિયા ગઠબંધનની બેઠકે જો ચૂંટણી પ્રક્રિયા પર કબજો કરવા સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોનો સંયુક્ત કાર્યક્રમ જાહેર કરીને ચૂંટણી પંચ તેમ જ નરેન્દ્ર મોદી-અમિત શાહની જોડીને સીધો પડકાર ફેંક્યો છે, તો તે કોંગ્રેસ માટે ખુશીના સમાચાર છે જે થોડા સમય પહેલાં તેના ગઠબંધન સહયોગીઓના જ નિશાન પર હતી. સહયોગીઓએ નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળના શાસનને મુખ્ય નિશાન બનાવવાના બદલે કોંગ્રેસ અને ખાસ કરીને રાહુલ ગાંધીને નિશાન કરવાનું પસંદ કર્યું હતું.

ઉપલબ્ધ તમામ અહેવાલો અને વર્તમાન પરિસ્થિતિને જોતાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ની ઈન્ડિયા ગઠબંધનની બેઠકે કોંગ્રેસને તેના નેતા તરીકે મજબૂતાઈથી સ્થાપિત કરી દીધી છે. માત્ર સૌથી અસ્થિર અને અણધાર્યા સહયોગી-નેતા અને તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતા બેનરજી જ સોનિયા ગાંધી અને આશ્ચર્યજનક રીતે રાહુલ ગાંધીની આગેવાની હેઠળના કોંગ્રેસ નેતૃત્વ પ્રત્યે પોતાની સદ્ભાવના પ્રદર્શિત કરવા માટે ઉત્સુક દેખાયાં એવું નથી, પરંતુ બેઠકમાં હાજરી આપનાર આશરે ૨૦ જેટલા ગઠબંધન સહયોગીઓએ સમગ્ર દેશમાં ઉપસ્થિતિવાળી એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી તરીકેના તેના દરજ્જાના આદરરૂપે કોંગ્રેસ માટે સંપૂર્ણ જગ્યા છોડી દીધી હતી. તેના અસ્તિત્વનાં છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન આ ભાવના બિલકુલ ગેરહાજર હતી.

> **સહયોગીઓએ નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળના શાસનને મુખ્ય નિશાન બનાવવાના બદલે કોંગ્રેસ અને ખાસ કરીને રાહુલ ગાંધીને નિશાન કરવાનું પસંદ કર્યું હતું**

મીડિયા અહેવાલોથી સ્પષ્ટ થાય છે કે ગઠબંધનની આ હાઈ-પ્રોફાઈલ બેઠકે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક રીતે તૈયાર કરવામાં આવેલી માર્ગદર્શિકાની આસપાસ વિપક્ષને સફળતાપૂર્વક એકત્રિત કર્યો છે. નિર્વાચન સદનના કોરિડોરની યુક્તિઓ દ્વારા રચાયેલી રાજકીય ઘટનાઓ સુધી જે અકલ્પનીય હતું, તે ઈન્ડિયા ગઠબંધને અગાઉ કોંગ્રેસ વર્કિંગ કમિટી દ્વારા પસાર કરવામાં આવેલા મુખ્ય ઠરાવોને અપનાવ્યા. તે ચૂંટણી યોજાવાની છે તેવા પંજાબ સાથે સંબંધિત હતી જ્યાં એક દશક પછી સત્તામાં પાછા આવવાની સારી તકો ધરાવતી કોંગ્રેસ આત્મઘાતી મિશન પર ચાલી રહી છે.

કોંગ્રેસ હાઈકમાન્ડે પ્રારંભિક અનિચ્છા અને ઢીલ મૂક્યા બાદ આખરે પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા અમરિંદર સિંહ વેરિંગને બદલવાનો નિર્ણય કર્યો છે, જે ટોચના નેતૃત્વ માટે પ્રશંસાને પાત્ર બનવા કરતાં વધુ આશ્ચર્યજનક છે. પંજાબના તત્કાલીન એઆઈસીસી પ્રભારી અને છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પોતાની શાખ અને નોકરી બંને ગુમાવી દીધાં. આમાં તેમની કોઈ ભૂલ નહોતી, કારણ કે દેખીતી રીતે તેમણે હાઈકમાન્ડના આદેશોનું પાલન કરવાનો પ્રયાસ કર્યો હતો, જેથી પીસીસીમાં વેરિંગ સામે વધી રહેલા રોષ છતાં કોઈ પણ ભોગે તેમનું રક્ષણ કરી શકાય અને તેનાથી પણ વધુ મહત્ત્વની વાત એ છે કે, જ્યારે હાઈકમાન્ડે એઆઈસીસીના કોષાધ્યક્ષ અજય માકેનની અધ્યક્ષતાવાળી સમિતિના અહેવાલને દબાવી રાખવાનું પસંદ કર્યું ત્યારે વધુ શરમજનક સ્થિતિ સર્જાઈ, જેમને રાજ્યના નેતૃત્વના વ્યાપક વર્ગનો મૂડ જાણવાનું કામ સોંપવામાં આવ્યું હતું. પંજાબની આ ઘટના જીઓપીના શીર્ષ નેતૃત્વ માટે આંખ ઉઘાડનારી સાબિત થવી જોઈએ અને એવા સમયે પોતાનું ઘર વ્યવસ્થિત કરવા માટે ખૂબ જ જરૂરી આત્મનિરીક્ષણ કરવા મજબૂર કરવી જોઈએ, જ્યારે સમગ્ર વિપક્ષે ગાંધીના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. માકેન સમિતિના અહેવાલોના આધારે ફેરફાર કરવાનું પગલું માત્ર હાઈકમાન્ડને શરમમાંથી બચાવી શકત નહીં.

પંજાબ જેવી સ્થિતિ અન્ય ઘણાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ કરીને અડોશપડોશના અને તેટલા જ સંવેદનશીલ જમ્મુ અને કાશ્મીરમાં પ્રવર્તી રહી છે. શીર્ષ નેતૃત્વએ પંજાબમાં પોતાના આચરણનું મૂલ્યાંકન કરવું જોઈએ અને તે અનુસાર અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધમાં દિશા નક્કી કરવી જોઈએ.

જો ગાંધીએ વ્યાપક સંદર્ભમાં પોતાનું નેતૃત્વ મજબૂતાઈથી સ્થાપિત કરવું હોય તો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ની બેઠકના સહયોગીઓના મિજાજમાં આવેલા પરિસ્થિતિવશાત્ ફેરફારને સંપૂર્ણપણે વટાવવો જોઈએ અને વધુ મજબૂત બનાવવો જોઈએ.

વિરોધની છ-સૂત્રીય રણનીતિની જાહેરાત કરતાં ખડગેએ એ સ્પષ્ટ કરી દીધું કે, ગાંધી જ તેની આગેવાની કરશે. તેમના અને ગાંધી માટે હવે બે મોરચે લડાઈ એ છે કે ઈન્ડિયા ગઠબંધનનું અસરકારક રીતે સંચાલન કરવું અને સાથેસાથે ઝડપી અને કઠોર નિર્ણય લેવાની પ્રક્રિયા દ્વારા પંજાબ જેવી પરિસ્થિતિઓનું પુનરાવર્તન થતું અટકાવવું.

ગઠબંધનની છ-સૂત્રીય સંયુક્ત વિરોધ રણનીતિઃ

૨-૮ ઓક્ટોબરઃ દેશભરમાં જિલ્લા સ્તરે 'લોકતંત્ર બચાવો' કૂચ.

૬ ઓક્ટોબરઃ તમામ વિપક્ષી સાંસદો દ્વારા ચૂંટણી પંચની મુખ્યાલય તરફ સંકલિત કૂચ.

ઓક્ટોબરના મધ્યમાંઃ ભારતના રાષ્ટ્રપતિ પાસેથી સત્તાવાર હસ્તક્ષેપની માંગણી.

૧ નવેમ્બરઃ નવી દિલ્હીમાં એક વિશાળ સંયુક્ત રેલી.

વિપક્ષી જૂથના નેતા હોવાના નાતે કોંગ્રેસ સામેનો પડકાર ખૂબ મોટો છે, પરંતુ આળસ ખંખેરી નાખવા અને આંતરિક તથા બાહ્ય સુધારાઓની દિશામાં આગળ વધવા માટે આ એક સુવર્ણ તક છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

માનવ ને માનવ તરીકે ગણીએ!

મહાત્મા ગાંધીજી ની 2જી ઓક્ટોબરે જન્મ દિન નિમિત્તે સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવે તે સમયે રાજકીય મહાનુભવો દ્વારા હાથમાં ઝાડું લઈ સફાઈ નો પ્રારંભ કરવામાં આવે છે. ખરા અર્થમાં મહાત્મા ગાંધી જી સ્વચ્છતા ના આગ્રહી હતા પણ તેઓ જાતે પાયખાન સાફ કરતા હતા અને તે સમયે ગાંધીજી વાલ્મિકી કોલોની માં રહેવાનું પસંદ કરતા હતા જ્યારે આજે તો મકાન મેળવવા જઈએ તો તમે કેવા પુછે છે. ગાંધીજી ની સાચા અર્થમાં જન્મ દિનની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાશે કે આપણે ગાંધીજી એ બતાવેલા રાહ પર ચાલીએ. માનવ ને માનવ તરીકે ગણીએ. આઝાદી મેળવતા પહેલા અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવી પડી. ફકત એક પોતડી પેહરી આઝાદી અપાવી. સ્વછતા અભિયાન અવિરત ચાલુ રહેવું જોઈએ દરેક ને દરેક કામ કરવાનો અવસર પ્રાપ્ત થવો જોઈએ. ગાંધીજી કહેતાં કોઈ કામ ઊંચું નથી કે નીચું. આપણા દેશમાં તો કચરો ફેંકવા વાળા ઊંચા અને ઉંચકવા વાળા ને નીચા ગણવાની માનસિકતા કયારે દૂર થશે.

સુરત **-ચન્દ્રકાન્ત રાણા**

શ્રાદ્ધપક્ષઃ સુરતી પરંપરા

ભાદરવા મહિનાના કૃષ્ણ પક્ષને પિતૃપક્ષ યા શ્રાદ્ધ ક્ષ તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન સુરતીઓ પોતાના પરિવારના અવસાન પામેલા સભ્યોની તિથિ પ્રમાણે શ્રાદ્ધ કરે છે. સનાતન સંસ્કૃતિમાં પરિવાર પરંપરા અને પૂર્વજો પ્રત્યે વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. આપના જીવનમાં માતા-પિતા દાદા દાદી અને અગાઉની પેઢીઓનું યોગદાન ક્યારેક ભૂલી શકાય નહીં. તેમના કારણે આપણને જીવન સંસ્કાર સંસ્કૃતિ અને પરિવારની પરંપરા મળી છે. . સુરતી પરિવારમાં શ્રાદ્ધના દિવસે ખીર પૂરીનો કાગવાસ નાંખવામાં આવે છે. જમણમાં દૂધપાક અથવા લાડુ હોય છે. સુરતી પરિવારોમાં વારે તહેવારે બહેન, ભાણેજ અને જમાઈને જમવા બોલાવવાનો રિવાજ વર્ષોથી ચાલી આવેલો છે. પહેલાના સમયમાં શ્રાદ્ધના દિવસે રાત્રે ભજનનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો, જેમાં નરસિંહ મહેતાના પિતાના શ્રાદ્ધનો મહિમા ભજન દ્વારા રજૂ કરવામાં આવતો. શ્રાદ્ધ પક્ષના મહિનામાં આવી ભજન મંડળીઓ ઘરે ઘર જઈ ભજન કીર્તન કરતી હતી.

સુરત **-કિરીટ મેઘાવાલા**

હવે જી.એસ.ટી. નંબર મેળવવો સરળ!

પહેલા જી.એસ.ટી. નંબર મેળવવાની પ્રક્રિયા લાંબી અને જટીલ હતી. પરંતુ હવે વેપારીઓ માટે સારા સમાચાર છે. હવે જી.એસ.ટી.માં નવો નંબર લેવા માટેની પ્રક્રિયા સરળ બનાવવાના ભાગરૂપે થોડા સમય પહેલા જ સાત દિવસમાં નંબર આપવામાં નિયમ અમલી બનાવાયો છે.

હવે નંબર મેળવવા ફોર્મ ભરતી વખતે વિગતો ભરવાની જરૂર નથી. પાન અને આધાર નંબર નાંખતા જ ફોર્મની વિગતો આપોઆપ ભરાઈ જશે. આ ઉપરાંત ઓપિસ, ગોડાઉન સહિતના સ્થળો માટે લોકેશનની વિગતો આપવી પડતી હતી. હવે તેના બદલે પીન નંબર નાખતા જ તે વિગતો પ્રાપ્ત થઈ જશે.

સુરત **-રાજુ રાવલ**

શું રાજકારણીઓએ વિચારવું જોઈએ ?

થોડું હાસ્ય અને થોડું દુઃખ થાય તેવા સમાચાર વાંચ્યા, સમાચાર એવા છે કે ધોરણ નવના અભ્યાસમાં ભારતીય આવકવેરો પાઠય પુસ્તકમાં ઉમેરો કરવાની વાત છે, હવે મોટાભાગનો દેશ વિકાસ અને સંશોધનના તબક્કામાં જઈ રહ્યા છે, ત્યા આપણે કયા જઇ રહ્યા છે, આપણા વડાપ્રધાન એ પણ એ વાત નો સ્વીકાર કર્યો હતો કે આવકવેરો કાયદાકીય ખૂબ જ જટિલ છે, આ વાત જ્યારે તેઓ વડાપ્રધાન નહોતા ત્યારે કરી હતી, દેશ મા ઘણા જટિલ કાયદાઓ છે તો શું બધા જ અભ્યાસનો ભાગ બનશે? શું રાજકારણીઓ કયારે નહીં વિચારે કાયદા ઓને સરળ બનાવવા, જો બધાજ કાયદા ઓ આ રીતે પાઠય પુસ્તક ઉમેરો કરાશે તો દુનિયા વિકાસ અને સંશોધન કરશે અને આપણે જટિલ કાયદાઓના ગુચમાં જીવન પુરું કરીશું. સરકાર આ બાબતે કઈ કરી શકે તેમ છે કારણકે નાના ઘણાં કાયદા ઠેકાણે કર્યા છે. જો દેશનો ઉધ્ધાર કરવો હશે તો દરેક કાયદો સરળ અને સામાન્ય માણસની સમજણમાં હશે તો દરેક નાગરિક હક સમજી શકશે, સરકારે એ સમજવાની જરૂર છે કે દેશના નગરીકની સમજણથી જ દેશ વિકાસ કરશે, નહીં તો ગુચમાં કયારે ય પ્રગતિશીલ નહીં બને.

સુરત **-જિજ્ઞેશ બક્ષી**

સતત બેસી રહેવાથી નુકસાન

આપણે જ્યારે સતત લાંબો સમય એક જ જગ્યાએ બેસી રહીએ છીએ ત્યારે પગમાં લોહીનું પરિભ્રમણ ધીમું થઈ જાય છે, લોહીની નળીઓની લવચીકતા ઓછી થઈ જાય છે તથા સખત બનતી જાય છે જેના કારણે હૃદયને વધારે શ્રમ કરવો પડે છે, જે લાંબેગાળે હૃદયને નુકસાન કરે છે. રોજ સવારે નિયમિત કરેલી કસરત પણ આ લાંબા સમય સુધી બેસી રહેવાથી થતી ખરાબ અસરને દૂર કરવા માટે સક્ષમ નથી. માટે દર ત્રણથી ચાર કલાકે પાંચથી દસ મિનિટ ચાલશો તો પગમાં તથા બધે જ લોહી ફરીથી ફરતું થઈ જશે. મગજ તથા શરીરના દરેક ભાગને ઓક્સિજન પૂરો પાડશે. લોહીની નળીઓની સ્થિતિસ્થાપકતા જળવાશે, સ્નાયુઓને પણ મજબૂત રાખશે. બ્લડ પ્રેશર તથા લોહીમાં સુગરનું પ્રમાણ પણ કાબૂમાં રહેશે તથા હૃદયને તંદુરસ્ત રાખશે. બેઠાળા જીવનની થતી ખરાબ અસરથી પણ એ બચાવશે.

અમેરિકા **-ડૉ ચંદ્રેશ જરદોશ**

રેંટિયા બારસ

વર્તમાનમાં પૂર્વજોના પવિત્ર સ્મરણના દિવસો એટલે કે શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યો છે ત્યારે આપણે સ્વભાવિક વાત છે કે તિથિનું ધ્યાન રાખવામાં આવે. મિત્રો સાતમી ઓક્ટોબરને બુધવારે કેલેંડરમાં જોશું તો વંચાશે 'રેંટિયા બારસ'. બેબી બુમર્સના નામથી ઓળખાતી આપણી આ પેઠીના ને પણ ભાગ્યેજ ધ્યાનમાં હશે કે આ 'રેંટિયો' ચલાવવાંનુ સૂત્ર આજે નવા રૂપ-રંગ સાથે આધુનિક ભાષામાં 'આત્મનિર્ભર ભારત'ના શબ્દથી ઓળખાય છે. બીજું, એકાત્મત માનવવાદનો શબ્દ પણ નરસિંહ મહેતાના ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ..' માં પંદરમી સદીમાં જ સરસ રીતે વણી લેવાયો છે એ જેનું ગમતું ભજન હતું. ત્રીજી વાત લખું તો આ રેંટિયા બારસ એ જેનો જન્મદિવસ આવે છે. હજી એક અણસાર આપુ તો મહાભારત ગ્રંથના અનુશાસન પર્વમાં આવતો શ્લોક 'અહિંસા પરમો ધર્મ...' જેમનો સિદ્ધાંત હતો તે મહાન વિભૂતિ.... નામ આપ સૌ એ શોધવાનું છે. અને અંતમાં થોડીક વાસ્તવિકતા રમુજ સાથે. એ મહાપુરુષ ના 'ત્રણ વાંદરા'નું રમકડું પણ પ્રચલિત થયું હતું. બસ તો આ તિથિ એ કોનો જન્મદિવસ છે.

સુરત **-ચેતન સુશીલ**

"ગાંધીવિચાર : આજની જરૂરિયાત"

અંતરીક્ષ વિજ્ઞાન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં ગાંધીવિચાર જૂનવાણી લાગે. પરંતુ ઊંડો વિચાર કરીએ તો સ્પષ્ટ થાય છે 'જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ મહાત્મા વધુ સમજાતા જાય છે. 'આજે ચારે તરફ જ્યારે ભૌતિકવાદની આંધળી દોડ, હિંસા અને અશાંતિનું સામ્રાજ્ય છે. ત્યારે ગાંધીજીનો સત્ય અને અહિંસાનનો માર્ગ કોઈ ચમત્કાર થી કમ નથી.આજનો યુવાન જો સદગુણો કેળવી, સ્વાવલંબન અને સાદગીનો પંથ અપનાવે તો એના માટે ' એક કાંકરે બે પક્ષી મારવા' જેવું થશે.પોતાનો વિકાસ પણ થશે અને સમાજનું ભલું પણ! દેશની વર્તમાન પરિસ્થિતિ અને નૈતિકરણના સમસ્યામાં મહાત્મા ગાંધી માત્ર ઈતિહાસ નથી પણ શિસ્તબદ્ધ જીવનની સાચી ચાવી છે. આજનો યુગ ગાંધીજીના સત્ય અને અહિંસાના વિચારોને પુસ્તકોમાંથી બહાર કાઢી જીવનમાં ઉતારવાની માંગ કરે છે ગાંધીજી ગઈ કાલે પણ પ્રસ્તુત હતા આજે પણ આચરણથી જીવંત છે, શરત માત્ર એટલી કે આપણે તેમના વિચારોનું "આચરણ" કરીએ માત્ર અનુકરણ નહીં!

સુરત **-યુનુસ શેખ**